# ફૂલ બન્યે અંગારે, ભાવ આસમાને

**ગલગોટા**, ગુલાબ અને સેવંતીના ભાવમાં નોંધપાત્ર વધારો, રોજ 120 ટન સુધીની ફૂલોની ખપત

**પૂજા**, ઘર સજાવટ સહિતનાં કામો માટે ફૂલોની માંગ વધતાં નોંધપાત્ર ભાવવધારો, ગ્રાહકો નારાજ, વેપારીઓ ખુશ



સુરતઃ દિવાળીની મોસમ શરૂ થતાની સાથે જ શહેરમાં ફૂલોના ભાવોમાં તેજી આવી ગઈ છે. તહેવારોની પૂજા, ઘર-ઓફિસનાં શણગાર અને શુભેચ્છાની આપ-લેમાં વધતી માંગને કારણે ફૂલ માર્કેટમાં ભારે તેજી જોવા મળી રહી છે.

એક તરફ જ્યાં ગલગોટા પહેલા 40 રૂપિયે કિલો મળતા હતા, ત્યાં હવે તે 60થી 100 રૂપિયા સુધી પહોંચી ગયા છે. તો ગુલાબ 300થી રૂપિયાથી સીધા 400 રૂપિયે કિલો થઈ ગયા છે. તહેવારોની શરૂઆતથી જ રોજીંદા ફુલ માર્કેટમાં 100થી 120 ટન જેટલો ફૂલનો માલ આવી રહ્યો છે, જ્યારે સામાન્ય દિવસોમાં આ ખપત માત્ર 20થી 30 ટન જેટલી જ રહેતી હતી. આ વધતી માગને કારણે શહેરના અશ્વનીકુમાર રોડ સ્થિત ફુલ માર્કેટમાં ભાવોમાં જબ્બર ઉછાળો નોંધાયો છે. અગાઉ 5 રૂપિયામાં વેચાતો આસોપાલવનો હાર હવે 20 રૂપિયામાં વેચાઈ રહ્યો છે. ભાવ વધારાની વચ્ચે પણ લોકો ખરીદી અટકાવી શકતા નથી, તહેવાર દરમિયાન ફૂલ અને પાનની સજાવટ તહેવારોનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે.

## વિદેશી ફૂલોથી સજાવાયેલા બૂકેના ભાવો પણ વધી ગયા

દિવાળીમાં બુકેનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે. બુકેમાં ઓર્ચીડ, પેરેડાઈઝ, જર્બેરા જેવા વિદેશી ફૂલો વપરાય છે, જેના ભાવોમાં પણ વધારો નોંધાયો છે. સામાન્ય રીતે બુકેની કિંમત 400થી 1000 રૂપિયા સુધીની રહેતી હોય છે, પરંતુ હાલ 1200 રૂપિયે પહોંચી ગયા છે.

### ફૂલોના કિલોના હોલસેલ ભાવ

| ફૂલનું નામ | પહેલાનો ભાવ | હાલનો ભાવ | વધારો (%) |
|---|---|---|---|
| ગલગોટા | 40 | 60-100 | 50-150% |
| ગુલાબ | 80 | 100-300 | 400-300% |
| દેસી ગુલાબ | 200 | 300 | 329% |
| સેવંતી | 70 | 150 | 114% |
| આસોપાલવનો હાર | 5 | 20 | 300% |

## ફૂલોની માંગ વધતાં હોલસેલ માર્કેટના ભાવોમાં પણ જબ્બર ઉછાળો

વેપારી અનિલભાઈના જણાવ્યા મુજબ તહેવારોના આગમન સાથે જ વેપારીઓ રતલામ, પુણે અને ઈંદોર જેવા શહેરોથી માલ મંગાવી સ્ટોક કરી લેતા હોય છે. તેમણે જણાવ્યું કે, 'ગુલાબ, ગલગોટા જેવા ફૂલો પહેલા 20થી 30 રૂપિયે કિલોના ભાવે મળતા હતા, જે હાલ 60થી 70 રૂપિયા પહોંચી ગયા છે. ખાસ કરીને દેશી ગુલાબનો ભાવ તો વધીને 300 રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. સેવંતીના ફૂલનો ભાવ પણ તહેવારને કારણે બમણો થયો છે. સામાન્ય દિવસોમાં 70 રૂપિયે કિલો વેચાતા સેવંતીના ફૂલ હવે 150 રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે. આ બધા ભાવ હોલસેલના છે, જ્યારે રિટેઇલ બજારમાં 20થી 40 રૂપિયાનો વધારાનો તફાવત જોવા મળે છે.

## ફૂલોના ભાવવધારાથી વેપારીઓના ચહેરા ખીલી ઊઠ્યા, ગ્રાહકો નિરાશ

ભાવ વધારાના કારણે લોકોના બજેટ પર પણ સીધી અસર પડી છે. તહેવારની પૂજા, ઘર સજાવટ અને નવા વર્ષનાં મુહૂર્ત માટે ફૂલ જરૂરી હોવાથી લોકો વધેલા ભાવે પણ ખરીદી કરી રહ્યા છે. વેપારીઓ કહે છે કે, 'આ તેજી તહેવાર પૂરતી જ રહેશે. તહેવાર બાદ ભાવ પાછા ઘટવાની શક્યતા છે.' દિવાળીના તહેવાર દરમિયાન ફૂલોની સુગંધ સાથે તેમનાં ભાવમાં પણ તેજી આવી છે. માગમાં વધારાને કારણે વેપારીઓના ચહેરા ખીલી ઉઠ્યા છે, તો ગ્રાહકોને થોડી માથાકૂટ નડી રહી છે. છતાં પણ તહેવારની ખુશી અને સજાવટ માટે ફૂલોની ખરીદીમાં કોઈ ઘટાડો જોવા મળતો નથી.

## ઠંડીના આગમન સાથે ગરમ કપડાંનું તિબેટીયન બજાર શરૂ



દિવાળીની શરૂઆત સાથે ઠંડી ધીમા પગલે શરૂ થઈ ગઈ છે. જો કે હાલમાં સુરત શહેરમાં ત્રણ ઋતુઓ એકસાથે ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. સવારે ઠંડી, દિવસમાં તાપ અને વરસાદ પણ માઝા મૂકી રહ્યો છે. ત્યારે હાલ તો આગામી ઠંડીની સિઝનને ધ્યાને રાખી ગરમ કપડાનું વેચાણ કરતા તિબેટીયન બજારની શરૂઆત થઈ ગઈ છે. (તસવીરઃ હેમંત ડેરે)

# દિવાળીમાં મોટા ભાગના મનપાના અધિકારીઓ રજા પર

**નિધી** સિવાચને મ્યુનિ. કમિશનરનો ચાર્જ

સુરતઃ સુરત મનપાના મોટાભાગના ડિવિઝનલ હેડ દિવાળી પર્વ દરમિયાન રજા પર હોવાથી વહીવટી કામગીરી અસરગ્રસ્ત ન થાય તે માટે મનપા કમિશનર દ્વારા જરૂરી ચાર્જ હસ્તાંતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ડેપ્યુટી કમિશનર નિધી સીવાચને કમિશનરનો ચાર્જ સોંપાયો છે. જ્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દિનેશ રમેશ ગુરવ 19થી 26 ઓક્ટોબર દરમિયાન રજા પર રહેશે, જે સમયગાળામાં શરૂઆતના ચાર દિવસ સ્વાતિ દેસાઈ અને બાકીના સમયગાળા દરમિયાન આર.બી. ભોગાયતા તેમની જગ્યાએ ચાર્જ સંભાળશે. તે જ રીતે સ્વાતિ દેસાઈ પોતે પણ 23થી 30 ઓક્ટોબર દરમિયાન રજા પર રહેશે, જે સમયગાળામાં આર.બી. ભોગાયતાને ચાર્જ સોંપવામાં આવ્યો છે. ડેપ્યુટી કમિશનર એન.એચ. પટેલ 25 ઑક્ટોબરથી 1 નવેમ્બર સુધી રજા પર રહેશે, તેમના વિભાગનો ચાર્જ એ.જે. નાયક, એડિશનલ સિટી એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ/મેકેનિકલ)ને આપવામાં આવ્યો છે. આ સિવાય મીના ગજ્જર 21થી 27 ઓક્ટોબર સુધી અને એમ.એમ. ડોક્ટર 22 ઓક્ટોબરથી 2 નવેમ્બર સુધી રજા પર રહેશે, જેઓના કાર્યનો ચાર્જ ધર્મેશ મિસ્ત્રી સંભાળશે. એડિશનલ સિટી એન્જિનિયર જતીન દેસાઈ 19થી 25 ઓક્ટોબર સુધી રજા પર રહેશે અને તેમની જગ્યાએ ડી.સી. ભગવાગર કામકાજ સંભાળશે. ત્યારબાદ ભગવાગર 27 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી રજા પર જશે, ત્યારે ફરીથી જતીન દેસાઈને ચાર્જ આપવામાં આવ્યો છે. એડિશનલ સિટી એન્જિનિયર એમ.ડી. ચાવડા 25થી 31 ઓક્ટોબર દરમિયાન રજા પર રહેશે અને તેમના વિભાગનો ચાર્જ દિનેશ ગુરવને સોંપાયો છે. તબીબી વિભાગમાં પણ ડૉ. પી.એચ. ઉમરીગર (મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ) 19થી 26 ઓક્ટોબર સુધી રજા પર રહેશે અને તેમના સ્થાને ડૉ. કલ્પેશ ખત્રી ચાર્જ સંભાળશે. જ્યારે સ્મીમેર મેડિકલ કોલેજના ડીન ડૉ. દીપક હોવાલે 19થી 26 ઓક્ટોબર સુધી રજા પર રહેતાં તેમના સ્થાને ડૉ. અરવિંદ પાંડેને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# હીરાબાગ સર્કલથી તાપી બાગનો માર્ગ બંધ રહેશે

**વેકેશનમાં** જ વરાછા મેઈન રોડ પર ડ્રેનેજ લાઈન બદલી નંખાશે

**ખોદાણ** દરમિયાન સુરત રેલવે સ્ટેશન તરફ જતાં વાહનોએ વિકલ્પરૂપે બી.આર.ટી.એસ. રૂટનો ઉપયોગ કરવાનો રહેશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વરાછા વિસ્તારમાં સુરત-કામરેજ રોડ પર હિરાબાગ સર્કલથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જતાં ટ્રેક પર તાપીબાગ સોસાયટીથી હિરાબાગ સર્કલ સુધીના ટી.પી રસ્તા પર તબક્કાવાર રીતે ડ્રેનેજલાઈન બદલવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ રસ્તો ટ્રાફિકની દષ્ટિએ વ્યસ્ત હોવા સાથે સતત વાહન અવરજવર રહેતી હોવાથી, કામકાજ દરમિયાન સલામતીના હેતુસર આ માર્ગનો ભાગ તમામ પ્રકારના વાહનો અને રાહદારીઓ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બરોડા પ્રિસ્ટેજથી તાપીબાગ સોસાયટી સુધીના ભાગમાં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી તા. 27 ઑક્ટોબરથી 30 નવેમ્બર 2025 સુધી હાથ ધરવામાં આવશે.

આ માટે ટ્રાફિક વિભાગ દ્વારા એન.ઓ.સી. જારી કરવામાં આવી છે. ખોદાણ દરમ્યાન સુરત રેલવે સ્ટેશન તરફ જતાં વાહનોએ વિકલ્પરૂપે બી.આર.ટી.એસ. રૂટનો ઉપયોગ કરવાનો રહેશે. કામકાજ દરમિયાન અલગ-અલગ તબક્કે વાહન વ્યવહાર માટે વિકલ્પ માર્ગ નક્કી કરવામાં આવ્યા છે. બરોડા પ્રિસ્ટેજથી લક્ષ્મી હોટલ સુધીના તબક્કામાં વાહનોએ લક્ષ્મી હોટલ-ઓલ્ડ શક્તિ વિજય-શ્રીધામ સોસાયટી-લંબે હનુમાન રોડ રૂટનો ઉપયોગ કરવાનો રહેશે, જ્યારે લક્ષ્મી હોટલથી હિરાબાગ (વિઠ્ઠલનગર) સુધીના તબક્કામાં વાહનોએ ગંગેશ્વર રોડ-લંબે હનુમાન રોડ રૂટનો ઉપયોગ કરવાનો રહેશે.

**પોલીસ સાથે ઘર્ષણ, એક જવાનને ઇજા**

# પુખ્ત વયનો થાય તે પહેલાં બેનાં ખૂન કર્યા

**ડિંડોલીમાં** અગાઉના ઝઘડાને લઈ બિહારી યુવકની કરપીણ હત્યા

**કાયદાના** સંઘર્ષમાં આવેલો એક કિશોરી પલસાણામાં પણ હત્યા કરી ચૂક્યો છે

સુરતઃ ડિંડોલીમાં આવેલા મહાદેવનગર-૫ પાસે 17ના રોજ થયેલા ખૂનના ગુનાને ઉકેલી ડિંડોલી પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કિશોરને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

મહાદેવનગર-૫, વિશ્વકર્મા મંદિર નજીક રેલવે પાટા પાસે ૧૭મીની રાત્રે દિલીપકુમાર સુનીલ જમાદાર (ઉં.વ.૨૦, રહે. ૨૪૮ મહાદેવનગર-૫, નવાગામ, ડિંડોલી, મુળવતન મેત્રાંબા, તા. થરથારી, બિહાર)ની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી નાંખવામાં આવી હતી. ડિંડોલી પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરને પકડી પાડ્યા હતા. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે, આરોપી કિશોરોમાંથી એક વિરુદ્ધ અગાઉ પલસાણા પોલીસ સ્ટેશનમાં પણ ખૂનના ગુનાનો દાખલો નોંધાયેલો છે. આરોપીઓએ બે દિવસ પહેલા થયેલા ઝગડાની અદાવતમાં આ હત્યા કરવામાં આવી હતી.

દિલીપની હત્યા થયાની જાણ થતા તેના પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા. લાશને પોસ્ટ મોર્ટમ માટે લઈ જતી પોલીસને અટકાવી હતી તાત્કાલિક હત્યારાને પકડી પાડી સજા આપવાની માંગણી કરી હતી. પોલીસ સાથે ઘર્ષણ દરમિયાન કોઈએ પથ્થરમારો કરતા એક પોલીસ કર્મીને માથામાં ઈજા થઈ હતી. પરિસ્થિત વણશે એમ લાગતા ડીસીપી રાજેશ પરમાર, એસીપી દીપ વકીલે સ્થળ પર પહોંચી ગયા હતા. લોકોને કડક કાર્યવાહી કરવાની ખાત્રી આપી મામલો થોળે પાડ્યો હતો.

# TRB જવાન ઓનલાઈન ઠગાઈનો શિકાર બન્યો

**કાકાની** દીકરીની શેઠાણીએ લિન્ક મોકલી છેતર્યો

**ઇલેક્ટ્રોનિક** પ્રોડક્ટમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચ આપી આઠેક મહિનામાં આશરે રૂ.1.53 લાખનો ચૂનો લગાડવામાં આવ્યો

સુરતઃ શહેરના અમરોલી વિસ્તારમાં રહેતા અને ટ્રાફિક રીજીયન-2માં ફરજ બજાવતા ટી.આર.બી. જવાન સાથે ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટના નામે છેતરપિંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. તેને ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચ આપી આઠેક મહિનામાં આશરે 1.53 લાખનો ચૂનો લગાડવામાં આવ્યો છે.

અમરોલી કોસાડ આવાસમાં રહેતો 27 વર્ષીય જાફરખાં હૈદરખાં શેખે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, એપ્રિલ-2025 દરમિયાન તેમના કાકાની દીકરી નસીમબેનના શેઠાણી અંજુમબેન અને ફરનાઝબેને ઘરે આવી "L.G. કંપનીની ફાઈનાન્સ લિંક" બતાવી હતી. તેઓએ જણાવ્યું હતું કે આ લિંક ખોલીને એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટમાં ઈન્વેસ્ટ કરવાથી દરરોજ નફો મળે છે. શરૂઆતમાં શેખે 2,510નું ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. અંજુમબેને વોટ્સએપ નંબર +91 85399 97900 પરથી "એન્જેલા" નામની વ્યક્તિ સાથે સંપર્ક કરાવ્યો અને "LG INTERNATIONAL 3289 Official Group" નામના વોટ્સએપ ગ્રુપમાં શેખને એડ કરાવ્યા હતા. શરૂઆતમાં બે-અઢી મહિનામાં શેખને 50,000 જેટલો નફો બતાવતો હતો, જેથી વિશ્વાસ વધ્યો અને તેમણે કુલ 1.53 લાખ રૂપિયા સુધીનું રોકાણ કર્યું હતું.

પરંતુ બાદમાં નફો વિડ્રો કરવા જતા નફાની રકમ ઉપાડી શકાઈ ન હતી અને જુલાઈ-2025માં લિંક પણ બંધ થઈ ગઈ હતી. છેતરપિંડીના ગુનામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કસૂવાવડ-અનેક વખત IVF કરાવનારને નિમાયાએ બે ટ્વિન્સની માતા બનાવી

સુરતઃ સુરતના જાણીતા નિમાયા ક્લિનિકમાં સારવાર લેનારી માતાએ જણાવ્યું હતું કે તેના લગ્ન બાદ 2015માં તેને ગર્ભમાં બે જોડકા બાળકો હતા ત્યારે ચોથા મહિને થયેલી કસુવાવડ થઈ હતી. છેલ્લા આઠ વર્ષમાં ત્રણ વખત આઈવીએફ અને આઈયુઆઈ કરાવ્યા બાદ પણ સંતાન રહ્યું નહોતું. જેથી તેમણે નિમાયાનો સંપર્ક કર્યો હતો. સ્હેજેય ચિંતા નહીં કર તેમ કહીને નિમાયાના ડો. પૂજા નાડકર્ણીએ આઈવીએફ ટ્રીટમેન્ટ શરૂ કરી હતી. સારવાર દરમિયાન પણ ડો. નાડકર્ણી અને ડો. પ્રભાકરે મને સપોર્ટ કર્યો હતો. સારવારના અંતે આજે મને બે ટ્વિન્સ દિકરા છે. પોતાની જિંદગીમાં અનેરો આનંદ આપવા બદલ આ માતાએ નિમાયા ક્લિનિકનો આભાર માન્યો છે.

### સુરત શહેરના જૂના સમાજવાદી, કોંગ્રેસી નેતા સુનીલ ભૂખણવાલાનું નિધન



સુરતઃ સુરત શહેરના જૂના સમાજવાદી, કોંગ્રેસી નેતા સુનિલ ભૂખણવાલાનું આજે 86 વર્ષની વયે ટૂંકી માંદગી પછી નિધન થયું હતું, સુરતના પૂર્વ મેયર અને સુનિલ ભૂખણવાલાના અંગત મિત્રો પૈકીના એક કદીર પીરઝાદાએ જણાવ્યું હતું કે, તેઓ સુરત જનરલ હોસ્પિટલ (ભટ્ટની હોસ્પિટલ) માં વર્ષો સુધી સક્રિય ટ્રસ્ટી રહ્યા, શંભુભાઈ પટેલની ધી સુરત મર્કન્ટાઇલ કો.ઓપરેટિવ બેંકમાં તેઓ વર્ષો ડિરેક્ટર તરીકે રહ્યાં હતા. સુરત શહેર કોંગ્રેસના પ્રમુખ અને સુરત મહાનગર પાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં તેઓ વર્ષ 1988 માં ચેરમેન રહ્યાં હતા. પૂર્વ સેનેટ, સિન્ડિકેટ સભ્ય અને કામદાર નેતા નૈષધ દેસાઈએ જણાવ્યું હતું કે,'સુનિલ ભૂખણવાળા મૂળ પ્રજા સમાજવાદી પાર્ટીના નેતા હતા. સુરતમાં 90ના દાયકામાં કોમી તોફાનો અટકાવવા, શાંતિ સ્થાપવા નારાયણ દેસાઈ, ઇન્દુકુમાર જાની, પ્રવીણ નાયક, કાશીરામ રાણા, અજિત દેસાઈ, કદીર પીરઝાદા, આરીફ દાદા સાથે મળી સુનિલ ભૂખણવાલાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### બેંક ઓફ ઈન્ડિયાની અડાજણ-હજીરા રોડ અને મોટાવરાછા શાખાનું ઉદ્ઘાટન



સુરતઃ બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોન દ્વારા આજે અડાજણ-હજીરા રોડ અને મોટાવરાછા ખાતે બે નવી શાખાઓનું ઉદ્ઘાટન એફ.જી.એમ.ઓ. અમદાવાદના જનરલ મેનેજર અજય ઠાકુરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવી શાખાઓ સાથે સુરત ઝોન હેઠળ બેંક ઓફ ઈન્ડિયાની કુલ શાખાઓની સંખ્યા હવે 58 થઈ છે. સમારંભને સંબોધતા અજય ઠાકુરે જણાવ્યું કે બેંક ઓફ ઈન્ડિયા દેશની ટોચની છ સરકારી બેંકોમાં સ્થાન ધરાવે છે અને સૌથી ઝડપથી પ્રગતિ કરતી બેંકોમાંની એક છે. સંબોધનમાં રાજેશ કુમાર, ઝોનલ મેનેજર, સુરત ઝોને જણાવ્યું કે સુરત ઝોનની સ્થાપના પછીના બે વર્ષમાં બેંક ઓફ ઈન્ડિયાએ છ નવી શાખાઓ શરૂ કરી છે.

### શ્રી કોંઝર ગ્રામસ્થ મંડળ દ્વારા બ્લડ ડોનેશન-તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન



સુરતઃ શ્રી કોઝર ગ્રામસ્થ મંડળ, સુરત, દ્વારા આયોજિત ગ્રામસ્થ મંડળના તેજસ્વી વિદ્યાર્થીઓનો વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નો ૨૯મો વાર્ષિક ગુણ ગૌરવ (પારિતોષિક વિતરણ), બ્લડ ડોનેશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, વયોવૃદ્ધ ગ્રામસ્થ મહિલા અને પુરૂષોનો સન્માન સમારંભ ગત તા. ૧૨/૧૦/૨૦૨૫ રવિવારને રોજ સાંજે ૪ કલાકે અલથાણ-ભટાર, એસ.એમ.સી, કોમ્યુનિટી હોલ, અલથાણ, સુરત. મુકામે યોજાયો હતો. સમારોહમાં પ્રમુખ અતિથિ તરીકે ઈ.ચા. પ્રિ. ડો. ભદ્રેશ એ. દલાલ, અતિથિ વિશેષ ડો. દિપાલી કાસટ, પૂર્વ પ્રો.લક્ષ્મીબેન જયેન્દ્ર મિસ્ત્રી હાજર રહ્યા હતા. આ સમારંભમાં કુલ ૫૦ યુનિટ બ્લડ એકત્ર થયું હતું અને તેજસ્વી તારલાઓનું તથા વયોવૃદ્ધોનું સન્માન કરવામાં આવ્યું હતું.

### બિહાર વિકાસ પરિષદ-સુરત દ્વારા રંગારંગ કાર્યક્રમનું આયોજન

સુરતઃ બિહાર વિકાસ પરિષદ સુરત દ્વારા દિવાળી અને નૂતન વર્ષના પાવન અવસર નિમિત્તે શુક્રવારે એક ભવ્ય અને રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના અનેક સભ્યો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનો દ્વારા સભ્યોને પ્રોત્સાહિત કર્યા સાથે નવા આજીવન સભ્યોને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અભિષેક જયસ્વાલ (કમાન્ડન્ટ, CISF સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ), આલોક કુમાર (ઓપરેશનલ હેડ, ONGC હજીરા), તેમજ સુરતના જાણીતા ઉદ્યોગપતિઓ સંદીપ કેડિયા, રત્નલાલ દારુકા, પુરુષોત્તમ ઝુનઝુનવાલા અને પ્રકાશ મોર ઉપસ્થિત રહ્યા હતા. સમાજના નેતાઓએ એકતા, સહકાર અને સાંસ્કૃતિક પરંપરાઓ જાળવવાનો સંદેશ આપ્યો હતો.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**પેપરની પસ્તીના**
રૂપિયા ૧૮ કિલોના, શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં. 9426394294 સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

મિલ્કત વેચવાની છે

**દુકાન વેચવાની છે**
પાલનપુર જકાતનાકા ચાર રસ્તા પાસે મેઈન રોડ 7069680008 (539)

**Flat Sell**
6 બેડરૂમ પર્વત પાટિયા Flat Rent 3 બેડરૂમ વેસુ 9824141999

**વેસુ 4 પોઈન્ટમાં**
ફુલ્લી ફર્નીશ્ડ ઓફિસ વેચાણથી આપવાની છે. 35 લાખમાં, 9377889912

**ભટાર રોડ**
રોડ 2 BHK 1335 ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે.9825088402, 9825919637

**મકાન વેચવાનું R.C.C**
ત્રણ માળ 32 લાખ આસપાસ મંદિર. 8488968543

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
ભાઈબીજ- 23, 29(જોધપુર, જેસલમેર, સમડેઝર્ટ, જૂનારણુજા) (પંચમઢી, અંજટા, ઈલોરા, ધૃષ્ણેશ્વર) 27, 29, અને 1 (ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ, શિહોર) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) દરરોજ રાત્રે શીર્ડી, નાસિક, શનિદેવ, ત્ર્યંબકેશ્વર, સપ્તશૃંગી. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

**કોર્પોરેટ ઓફિસ માટે** પીલર લેસ મોટા હોલ કોમર્શિયલ જગ્યા ભાડે આપવાની છે. કોર્પોરેટ દલાલોએ સંપર્ક કરવો. સ્થળઃ રીંગરોડ મો.નં. 6353472781

**AUM TOURS**
(સંપૂર્ણ સૌરાષ્ટ્ર 7 દિવસ 23-10) (રોયલ રાજસ્થાન 9 દિવસ 23-10) (કચ્છ રણોત્સવ 5 દિવસ 24-10, 31-10) (ઉદયપુર, શ્રીનાથજી, ચિત્તોડગઢ, માઉન્ટઆબુ 7 દિવસ, 23-10, 27-10) 7878674257.

**INDUSTRIAL LAND**
Industrial NA Land for Sale At Vapi (N.H.), Highway Touch- Ready Possession.
CONTACT: 9869008022

**જૂના જાણીતા રાજુ**
મોદી કેરેલા, કન્યાકુમારી, રામેશ્વરમ, કોડઈકેનાલ, જટાયુ, બાહુબલી ફોલસ, 24 ઓક્ટોબર, દિવસ 13, 9374512979 (538)

**શ્રીધામ ટ્રાવેલર્સ.**
રોયલ રાજસ્થાન, 9 દિવસ, 24/ 10, 13,500/- અડાજણ, સુરત. 9512991300, 8160646008.

**દિવાળી પ્રવાસ**
પ્રથમ ટ્રાવેલ્સ. જયપુર, ખાતુશ્યામ, ઉદયપુર, શ્રીનાથજી, આબુ. વિજય પારેખ- કતારગામ. 9825344459.

નોકરી વિષયક

**ભ.ડી.સે.કો.બેંક**
રેલ્વે સ્ટેશન સામે ભરૂચમાં સી.બી.એસ ઉપર કામ કરી શકે તેવા બે એકાઉન્ટ ઓફિસરની જગ્યા ભરવાની છે. દિન- ૫ માં અરજી કરવી. ચેરમેન (537)

**અડાજણમાં ટ્રાવેલ**
ઓફિસ માટે પર્સનલ સેક્રેટરી જોઈએ છે. MO- 8160017181

**હેલ્પર જોઈએ છે**
જેને કાપડનો અનુભવ હોય, કોટ- પેન્ટ, શર્ટ- પેન્ટ, શેરવાની અને કસ્ટમર હેન્ડલ કરી શકે તેવા અનુભવી માણસ જોઈએ છે શોરૂમનો ટાઈમ છે. સવારે 11થી લઈને રાત્રે 10 વાગ્યા સુધી. Irfan Motiwala, ચોક બજાર જુમ્મા મસ્જિદ, સુરત મોબાઈલ. 9825139287

**REQUIRED**
Floor Manager/ Coordinator (Female) - 2 Vacancies (English, Hindi, Gujarati required) Ward Boy/Patient Attendant - 1 Vacancy For a radio diagnostic imaging center in Adajan. Best of the class salary; first preference for experienced Call on 9537221223 from 6 to 8 pm

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.